તંત્રની બેદરકારીને કારણે દર્દીનું દર્દ બેવડાયું, તપાસના આદેશ અપાયા

સયાજી હોસ્પિટલના 'સ્માર્ટ' દાવાઓ પોકળ, દર્દીઓ માટે સ્ટ્રેચર નહીં, પણ 'સ્વજનનો ખભો' જ સહારો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

એક તરફ સરકાર 'સ્માર્ટ હેલ્થકેર' અને 'પારદર્શક વહીવટ'ના મોટા-મોટા બણગાં ફૂંકે છે, તો બીજી તરફ વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ હોસ્પિટલમાં માનવતાના લીરેલીરા ઉડતા જોવા મળ્યા છે. પંચમહાલના પાવાગઢ પાસેના નાચકુવા ગામથી સારવાર માટે આવેલો એક ફ્રેક્ચરગ્રસ્ત ગરીબ દર્દી જ્યારે આધુનિક ગણાતી આ સરકારી હોસ્પિટલમાં પહોંચ્યો, ત્યારે તેને સારવાર કરતાં 'સંઘર્ષ' વધુ મળ્યો. સગવડનું નામનિશાન નહીં, બસ 'તારીખ' પર 'તારીખ' ! આ કિસ્સો કોઈ સામાન્ય ભૂલ નથી, પણ હોસ્પિટલના તંત્રની નિષ્ક્રિયતાનો જીવંત નમૂનો છે.

પગમાં ગંભીર ફ્રેક્ચર હોવા છતાં, હોસ્પિટલના એક્સ-રે વિભાગથી ઈમર્જન્સી વિભાગ સુધી પહોંચવા માટે દર્દીને સ્ટ્રેચર કે વ્હીલચેરની સુવિધા આપવામાં ન આવી. જે હોસ્પિટલમાં સેંકડોની સંખ્યામાં વ્હીલચેર અને સ્ટ્રેચર હોવાનો દાવો કરવામાં આવે છે, ત્યાં એક લાચાર દર્દીએ પોતાના સ્વજનના ખભાનો ટેકો લઈને ૨૦૦ મીટર સુધી 'લંગડાઈને' ચાલવું પડ્યું. શું આ જ છે આઝાદીના અમૃતકાળમાં દર્દીઓને મળતી આરોગ્ય સેવા ? ઘટના પ્રકાશમાં આવતા જ હંમેશની જેમ સયાજી હોસ્પિટલના આરએમઓ ડો. હિતેન્દ્ર ચૌહાણે 'તપાસના આદેશ' આપી દીધા છે. સ્ટાફ સામે કડક કાર્યવાહીના વાયદાઓ પણ કરી દેવાયા છે. પરંતુ સવાલ એ છે કે, આ તપાસની ફાઈલો ક્યારે ધૂળ ખાતી બંધ થશે ? જે દર્દીને તે સમયે સ્ટ્રેચરની જરૂર હતી, ત્યારે તંત્ર ક્યાં હતું ? માત્ર ઘટના બની જાય પછી 'તપાસ' અને 'કાર્યવાહી'ની વાતો કરીને શું દર્દીની પીડા ઓછી થઈ જશે ? આ કોઈ પહેલો કિસ્સો નથી, પણ સયાજી હોસ્પિટલની બેદરકારીનો એક વધુ પુરાવો છે. ગરીબ દર્દીઓ માટે તો આ હોસ્પિટલ હવે સારવારનું ધામ નહીં પણ 'દુઃખનું ધામ' બની ગઈ હોય તેમ લાગે છે. જો હોસ્પિટલના વહીવટી તંત્ર પાસે વ્હીલચેર કે સ્ટ્રેચર ઉપલબ્ધ ન હોય, તો શું દર્દીઓએ હોસ્પિટલના પરિસરમાં ચાલવાની પ્રેક્ટિસ કરવી પડશે ? તંત્ર જ્યારે 'ઈ-વ્હીકલ' અને 'સુવિધા'ના ફોટા પાડીને પોતાની પીઠ થપથપાવતું હોય, ત્યારે જમીની હકીકત કંઈક આવી જ હોય છે.

શૈલી એન્જીનીયરીંગ દ્વારા કાર્યક્રમનુ આયોજન કરાયું

ભાદરવા કેળવણી મંડળના ૮૧૮ વિદ્યાર્થીઓને સ્કૂલ યુનિફોર્મનું વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ગ્રામીણ વિસ્તારના બાળકોમાં શિક્ષણનું સ્તર સુધરે અને તેમને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુ સાથે શૈલી એન્જીનીયરીંગ પ્લાસ્ટિક લિમિટેડ (રાણીયા) દ્વારા એક પ્રશંસનીય સામાજિક કાર્ય કરવામાં આવ્યું છે. કંપની તરફથી શ્રી ભાદરવા કેળવણી મંડળ સંચાલિત શાળાના નર્સરીથી લઈને ધોરણ-૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓને સ્કૂલ યુનિફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓઃ નર્સરીથી ધોરણ-૧૨ માં અભ્યાસ કરતા કુલ ૮૧૮ વિદ્યાર્થીઓ. મદદઃ પ્રત્યેક વિદ્યાર્થીને ૨ (બે) જોડી સ્કૂલ યુનિફોર્મનું નિઃશુલ્ક વિતરણ. ઉદ્દેશ્યઃ બાળકોના શિક્ષણ કાર્યને વેગ આપવો અને વાલીઓને આર્થિક રીતે મદદરૂપ થવું. આ ભવ્ય શૈક્ષણિક યોગદાન બદલ ભાદરવા કેળવણી મંડળના સેક્રેટરી શ્રી મહેન્દ્રસિંહ રણા તથા શાળા પરિવારે શૈલી એન્જીનીયરીંગ પ્લાસ્ટિક લિમિટેડના મેનેજમેન્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. શૈલી એન્જિનિયરિંગ પ્લાસ્ટિક લિમિટેડ દ્વારા ભાદરવા ગામના બાળકોના શિક્ષણ માટે જે ચિંતા અને સંવેદનશીલતા દાખવવામાં આવી છે, તેની સમગ્ર ગ્રામજનો અને શાળા પરિવાર ખૂબ જ ઉમદા નોંધ લે છે.

આ પ્રકારનું કોર્પોરેટ યોગદાન ગ્રામીણ શિક્ષણને વધુ મજબૂત બનાવશે. શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકગણ, સંચાલક મંડળ અને સમગ્ર ભાદરવા ગામ વતી કંપનીના મેનેજમેન્ટનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ભરૂચની KMCRIમાં ઇન્ટર્ન ડોકટરોનો સ્ટાઇપેન્ડ વિરોધ

૨૩%ની અપેક્ષા, મળ્યા માત્ર 3% વધારા, અનિશ્ચિત હડતાળ શરૂ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.11

ભરૂચના કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (KMCRI)માં 2021-22 બેચના ઈન્ટર્ન ડોકટરોએ સ્ટાઈપેન્ડમાં વધારાની માંગને લઈને અનિશ્ચિત મુદતની હડતાળનો બંડ પોકાર્યો છે. સિવિલ હોસ્પિટલ ખાતે 150થી વધુ ઈન્ટર્ન ડોકટરોએ એકઠા થઈ મેનેજમેન્ટ સામે ધરણાં કર્યા હતા અને સરકારી નિયમો અનુસાર સ્ટાઈપેન્ડ ચૂકવવાની માંગ કરી હતી.

વિરોધ કરી રહેલા ઈન્ટર્ન ડોકટરોએ આક્ષેપ કર્યો કે ઈન્ટર્નશિપની શરૂઆતમાં સંસ્થાના સત્તાધીશોએ સ્ટાઈપેન્ડમાં 23 ટકા વધારો કરવાની ખાતરી આપી હતી, પરંતુ 9 જુલાઈએ ચૂકવાયેલા સ્ટાઈપેન્ડમાં માત્ર 3 ટકા (આશરે રૂ. 500)નો જ વધારો કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે અગાઉની સિનિયર બેચને રૂ. 14,800 મળતા હતા, જ્યારે હાલની બેચને રૂ. 15,300 ચૂકવાયા છે. અન્ય મેડિકલ કોલેજોમાં રૂ. 21,000થી વધુ સ્ટાઈપેન્ડ મળી રહ્યું હોવાથી, તેમણે સરકારી ધોરણો અનુસાર રૂ. 21,800 ચૂકવવાની માંગ ઉઠાવી છે. આંદોલનકારી ડોકટરોએ મેનેજમેન્ટ પર ગંભીર આરોપ મૂક્યો કે રજૂઆત કરવા છતાં કોઈ હકારાત્મક ઉકેલ નથી આવ્યો, બલ્કે હડતાળ પર ઉતરેલાઓને વધારાની ડ્યૂટી સોંપવાની અને ઈન્ટર્નશિપનો સમયગાળો વધારવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓએ સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી રૂ. 21,800 સ્ટાઈપેન્ડ મંજૂર ન થાય ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવામાં આવશે. સંસ્થાના ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર ડૉ. ગોપિકા મેખીયાએ જણાવ્યું કે 11 મેના રોજ ઈન્ટર્ન ડોકટરોની રજૂઆત બાદ મેનેજમેન્ટે બેઠક યોજી રૂ. 500નો વધારો મંજૂર કર્યો હતો અને સુધારેલું રૂ. 15,300નું સ્ટાઈપેન્ડ ખાતામાં જમા પણ કરી દેવાયું છે. તેમણે એમ પણ ઉમેર્યું કે વધુ ચર્ચા માટે 13 જુલાઈએ વડોદરા ખાતે સંસ્થાના CMD સાથે સત્તાવાર બેઠક નિર્ધારિત કરાઈ છે. જોકે, હડતાળ અંગે સંસ્થાને અગાઉ કોઈ જાણ કરવામાં આવી નહોતી, અને પ્રથમ અરજી પછી વિદ્યાર્થીઓ કે તેમના યુનિયન તરફથી કોઈ અન્ય સત્તાવાર રજૂઆત મળી નહોતી.

વરસાદી માહોલમાં જીવજંતુઓનો ઉપદ્રવ વધતા નાગરિકોમાં ફફડાટ

છાણીની મારુતિધામ સોસાયટીમાં ૧૯ વર્ષીય યુવકને સાપ કરડ્યો

સ્થાનિકોએ તંત્રને સોસાયટીના વિસ્તારમાં દવાનો છંટકાવ કરવા અને સફાઈ કામગીરી સઘન બનાવવા માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરમાં હાલ ચોમાસાની સિઝન જામી છે, ત્યારે વરસાદી પાણી અને ભેજવાળા વાતાવરણને કારણે ઝેરી સાપ તથા અન્ય જીવજંતુઓ દરની બહાર નીકળી રહેલા જોવા મળે છે. આ પ્રકારના જીવજંતુઓના કરડવાના બનાવોમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. તાજેતરમાં વડોદરાના છાણી વિસ્તારમાં આવેલી મારુતિધામ સોસાયટીમાં રહેતા ૧૯ વર્ષીય જયદેવ નામના યુવકને સાપે ડંખ મારતા પરિવારમાં અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૯ વર્ષીય જયદેવ પોતાના ઘરની આસપાસ હતો તે દરમિયાન અચાનક તેને જમણા હાથમાં પીડાનો અનુભવ થયો હતો. નજીક જઈને જોતા તેને સાપે ડંખ માર્યાનું જણાયું હતું. સાપના ડંખને કારણે યુવકની તબિયત લથડતા પરિવારજનો તાત્કાલિક તેને સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે દોડાવી ગયા હતા. હોસ્પિટલના તબીબો દ્વારા યુવકને તાત્કાલિક એન્ટિ-વેનમ સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે અને હાલ તેની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. વરસાદની ઋતુમાં ઝેરી સાપ અને જીવજંતુઓ વધુ સક્રિય થઈ જાય છે.

ઘણી વખત આ જીવજંતુઓ પાણી ભરાવાને કારણે સુરક્ષિત આશરો શોધવા રહેણાંક વિસ્તારો કે ઘરમાં ઘૂસી જતા હોય છે. આ બાબતે નિષ્ણાતોએ નાગરિકોને અપીલ કરી છે કે, રાત્રિના સમયે ઘરની બહાર નીકળતી વખતે ટોર્ચનો ઉપયોગ કરવો, ઘરની આસપાસ ઘાસ કે કચરાના ઢગલા થવા ન દેવા અને જો ક્યાંય પણ સાપ કે ઝેરી જીવજંતુ દેખાય તો ગભરાયા વગર વન વિભાગ અથવા એનિમલ હેલ્પલાઈનનો સંપર્ક કરવો. આ બનાવ બાદ મારુતિધામ સોસાયટી અને આસપાસના રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સ્થાનિકોએ પણ તંત્રને સોસાયટીના વિસ્તારમાં દવાનો છંટકાવ કરવા અને સફાઈ કામગીરી સઘન બનાવવા માંગ કરી છે.

મેયરે ૮ જુલાઈને ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી દિવસ' તરીકે જાહેર કર્યો

અમેરિકાના જેક્સન શહેરમાં ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીનું ગૌરવપૂર્ણ સન્માન

પ્રામાણિકતા, કરુણા અને નિઃસ્વાર્થ સેવાના વૈશ્વિક સંદેશને મળ્યો આંતરરાષ્ટ્રીય સ્વીકાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

અમેરિકાના મિસિસિપી રાજ્યના જેક્સન શહેરના મેયર જૉન હોર્ને 8 જુલાઈ, 2026ના દિવસને 'પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી દિવસ' તરીકે જાહેર કરવાની ઐતિહાસિક ઘોષણા કરી છે. જેક્સન સ્થિત 'ધ હિલ્ટન' ખાતે 1,000થી વધુ લોકોની ઉપસ્થિતિમાં આ જાહેરનામું સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું. ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીએ વિશ્વભરના લાખો લોકોને પ્રામાણિકતા, કરુણા, ચારિત્ર્ય અને નિઃસ્વાર્થ સેવાના મૂલ્યો પર આધારિત જીવન જીવવાની પ્રેરણા આપી છે. સમાજ અને માનવકલ્યાણ માટેના તેમના અમૂલ્ય યોગદાન તેમજ પ્રેરણાદાયી નેતૃત્વને માન આપતા આ વિશેષ સન્માન આપવામાં આવ્યું છે. આ પ્રસંગે મેયર જૉન હોર્ને જણાવ્યું હતું કે, "આ જાહેરનામા દ્વારા અમે જેક્સન શહેરના તમામ નાગરિકોને ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીશ્રીના વર્ષો સુધીના નિઃસ્વાર્થ સેવાકાર્ય, તેમના પ્રેરણાદાયી નેતૃત્વ અને માનવતાલક્ષી યોગદાનને ઓળખવા તેમજ તેની ઉજવણી કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ."

વિદ્યાર્થીઓના હિત માટે સતત કાર્યરત સંગઠનનો સ્થાપના દિવસ સામાજિક ઉત્તરદાયિત્વ સાથે ઉજવાયો

મ.સ.યુનિ.ની સ્થાપનાના ૭ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી, સુરક્ષા ગાર્ડસને ફૂડ પેકેટ વિતરણ

(પ્રતિનિધિ)વડોદરા,તા.11

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટી ખાતે વિદ્યાર્થી સંગઠન એએસયુએ તેની સ્થાપનાના 7 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ અવસરે ફેકલ્ટી પરિસરમાં વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સ્થાપના દિવસે એએસયુના આગેવાનો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. ફેકલ્ટી પરિસર ઢોલ-નગારાના નાદ, વિજયના નારા અને ધજા-પતાકાઓથી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કેક કટીંગ સાથે કરવામાં આવી હતી. એસયુએ આ દિવસને માત્ર ઉત્સવ પૂરતો સીમિત ન રાખતા સામાજિક જવાબદારી પણ દર્શાવી હતી. સંગઠન દ્વારા યુનિવર્સિટીના તમામ સુરક્ષા ગાર્ડસનું સન્માન કરી તેમને ઉષ્માભર્યા ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા સાત વર્ષથી એએસયુ સંગઠન આર્ટ્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓના હિત, સુવિધાઓ અને તેમના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે સતત સક્રિય રહ્યું છે. વિદ્યાર્થી પ્રશ્નોને વાચા આપી યુનિવર્સિટી તંત્ર સમક્ષ રજૂ કરવાની બાબતમાં સંગઠનની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. સ્થાપના દિવસની ઉજવણીમાં સંગઠનના વરિષ્ઠ આગેવાનોએ વિદ્યાર્થીઓને એકતા અને સેવાના માર્ગે આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ફેકલ્ટીમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

કારેલીબાગમાં રસ્તા શોધવા માટે હવે Google Maps નહીં, પણ 'હિંમત'ની જરૂર

અંબાલાલપાર્ક પેટ્રોલ પંપથી આનંદનગર તરફના માર્ગે ઠેરઠેર ખાડાથી લોકો પરેશાન

સ્કૂલે જતા બાળકોની સુરક્ષા સામે સવાલ, સ્થાનિકોમાં પાલિકાની કુંભકર્ણી નિદ્રા સામે ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

એક તરફ 'સ્માર્ટ સિટી'ના ગુણગાન ગવાઈ રહ્યા છે અને બીજી તરફ વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલા અંબાલાલપાર્ક પેટ્રોલ પંપથી આનંદનગર તરફ જતો માર્ગ જાણે કોઈ 'ઐતિહાસિક ખોદકામ'નું સ્થળ બની ગયો છે. રસ્તા પર ડામર શોધવો એ હવે શોધખોળનો વિષય બન્યો છે, કારણ કે ડામર કરતા ખાડાઓની સંખ્યા અને કદમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આ માર્ગની હાલત એટલી બધી બદતર છે કે વાહનચાલકો હવે પોતાનું વાહન ચલાવવાને બદલે 'ચલાવવાની કળા' શીખી રહ્યા છે. તેમાં પણ ખાસ કરીને ધનંજય અંબાલાલ પટેલ સ્કૂલ પાસે પડેલો ભૂવો અને ઈશ્વરશાંતિ સોસાયટી પાસેની મસમોટી પોલાણ જાણે રાહદારીઓને અને વાહનચાલકોને મરણિયા આમંત્રણ આપી રહ્યા છે.

સ્કૂલે જતા માસુમ બાળકો અને નોકરીએ જતા લોકો માટે આ રસ્તો અત્યારે 'ઝોમ્બી લેન્ડ' જેવો બની ગયો છે. સ્થાનિક રહીશો હવે રમુજમાં કહે છે કે, અમે તો ટેક્સ ભરીએ છીએ, પણ રસ્તામાં ખાડા ફ્રી મળે છે ! અહીંના રસ્તાઓ પર ખાડા છે કે ખાડામાં રસ્તો, તે સમજવું હવે મુશ્કેલ બન્યું છે. શાસકોના વિકાસના દાવાઓ આ ખાડાઓમાં ક્યાંક દટાઈ ગયા હોય તેવું પ્રતીત થાય છે.

વડોદરાના ગેસ ગ્રાહકોની સજાગતા, બાકી બિલ ભરપાઈ કરી વિવાદોનો અંત લાવ્યા

વડોદરા : વડોદરા ગેસ લિમિટેડ દ્વારા પોતાના ગ્રાહકોને સુગમ, પારદર્શક અને ગ્રાહકમૈત્રીપૂર્ણ સેવાઓ પૂરી પાડવાના મક્કમ નિર્ધાર સાથે રાષ્ટ્રીય લોક અદાલતના ઉપલક્ષમાં એક વિશેષ વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ગત તા. ૧૬ જૂન, ૨૦૨૬ થી શરૂ થયેલું આ અભિયાન તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ સુધી એટલે કે લગભગ એક મહિના સુધી ચાલ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન વડોદરાના ગેસ ગ્રાહકો તરફથી અત્યંત સકારાત્મક અને ઉત્સાહજનક પ્રતિસાદ જોવા મળ્યો હતો, જેના પરિણામે VGL લાખો રૂપિયાની બાકી વસૂલાત કરવામાં સફળ રહ્યું છે.

વર્ષોથી દર ચોમાસે 'ખાડા-સંસ્કૃતિ'નું દૂષણ યથાવત, તંત્રનું માત્ર કામચલાઉ સમારકામ, કાયમી ઉકેલની રાહમાં રહીશો

વડોદરામાં 'સ્માર્ટ' શહેરની પોલંપોલ, બિલ ટાંકી વિસ્તારમાં સામાન્ય વરસાદમાં જ રોડ બેસી જતાં સ્થાનિકોમાં આક્રોશ

ગંદા પાણીનો નિકાલ યોગ્ય રીતે ન થતા રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઇ રહી છે

લોકોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો તંત્ર દ્વારા હવે પછી યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા સાથે રસ્તો મજબૂત બનાવવામાં નહીં આવે, તો તેઓ ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે. અમે ક્યાં સુધી આવી રીતે જીવીશું ? દર વર્ષે રોડ બેસી જાય છે અને તંત્ર કામચલાઉ પેચવર્ક કરીને હાથ ખંખેરી લે છે. ટેક્સના નાણાંનો ઉપયોગ ગુણવત્તાયુક્ત કામમાં કેમ નથી થતો ? અમને ડામરના રસ્તા નથી જોઈતા, અમને કાયમી ઉકેલ જોઈએ છે.

-આર. બી. યાદવ, સ્થાનિક રહીશ.

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરને સ્માર્ટ સિટી બનાવવાની વાતો વચ્ચે બિલ ટાંકી વિસ્તારના રહીશો માટે સામાન્ય વરસાદ પણ આફત બનીને આવે છે. દર વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ અહીંના મુખ્ય માર્ગો બેસી જવાની સમસ્યા સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. તંત્ર દ્વારા કરવામાં આવતા કામચલાઉ સમારકામો માત્ર કાગળ પર રહેતા હોવાથી લોકોના જીવ જોખમમાં મુકાયા છે. બિલ ટાંકી વિસ્તારમાં રસ્તો બેસી જવાથી સર્જાયેલા મોટા ખાડાઓ વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. વરસાદી પાણી ભરાઈ જવાના કારણે ખાડાઓ અદ્રશ્ય થઈ જાય છે, જેના લીધે ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો અવારનવાર પટકાય છે. રાત્રિના સમયે અજાણ્યા વાહનચાલકો માટે આ રસ્તો અકસ્માતનું 'એપી સેન્ટર' બની રહ્યો છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, અમે દર વર્ષે આવી સ્થિતિ ભોગવવા મજબૂર છીએ. શું અમે ટેક્સ માત્ર આવી દુર્દશા જોવા માટે ભરીએ છીએ ? સ્થા નિકોના મતે, આ સમસ્યા નવી નથી પરંતુ વર્ષો જૂની છે. દર વર્ષે વરસાદ પડતા જ અહીંના રસ્તાઓ બેસી જાય છે. સ્થાનિક રહીશ આર.બી. યાદવે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમે અનેકવાર રજૂઆતો કરી છે, પરંતુ તંત્ર માત્ર ખાડા પૂરવાનું કામચલાઉ સમારકામ કરીને સંતોષ માને છે. જે થોડા જ દિવસોમાં ફરી તૂટી જાય છે. વિસ્તારના કોર્પોરેટર પણ સમસ્યાના સ્થળની મુલાકાત લેવાની તસ્દી લેતા નથી, જેના કારણે લોકોની મુશ્કેલીઓ પ્રત્યે તેમની ઉદાસીનતા સ્પષ્ટ દેખાય છે.

વારંવારની રજૂઆતો છતાં તંત્રના આંખ આડા કાન, રહીશોની આંદોલનની ચીમકી

સ્માર્ટ સિટી વડોદરાના દાંડિયા બજારમાં ગંદકીનું સામ્રાજ્ય, કહાર મોહલ્લાના રહીશો નરક જેવી સ્થિતિમાં જીવવા મજબૂર

ચૂંટણી સમયે નેતાઓ વિકાસના લાંબા-લચક વાયદાઓ કરીને મત તો મેળવી જાય છે, પરંતુ જીત્યા પછી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મહાનગર સેવાસદન દ્વારા શહેરને 'સ્માર્ટ સિટી' બનાવવાની મોટી-મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. શહેરના વોર્ડ નં. ૧૪માં આવતા દાંડિયા બજાર, જંબુબેટ રોડ સ્થિત કાકાસાહેબના ટેકરા અને કહાર મોહલ્લાના રહીશો છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજની વિકટ સમસ્યાથી પરેશાન છે. તંત્રની ઉદાસીનતાને કારણે આ વિસ્તારમાં રોગચાળો ફેલાવવાની દહેશત સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, ચોમાસું હજુ તો માંડ બેઠું છે, ત્યાં જ વિસ્તારની ડ્રેનેજ લાઈનો ઉભરાવા લાગી છે. રસ્તાઓ પર ગંદા પાણી ફરી વળ્યા છે. ખાસ કરીને કહાર મોહલ્લામાં આવેલ પવિત્ર મંદિરે દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે આ ગંદકીમાંથી પસાર થવું દુષ્કર બન્યું છે. રસ્તા પર ફેલાયેલી ગંદકી અને દુર્ગંધને કારણે સ્થાનિકોની ધાર્મિક લાગણીઓ દુભાઈ રહી છે. રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી સમયે નેતાઓ વિકાસના લાંબા-લચક વાયદાઓ કરીને મત તો મેળવી જાય છે, પરંતુ જીત્યા પછી ક્યારેય આ વિસ્તારમાં ફરકતા નથી. લોકોનો એવો પણ ગંભીર આક્ષેપ છે કે જ્યારે કોઈ મોટા નેતા કે અધિકારીઓની મુલાકાત નક્કી હોય, ત્યારે જ તંત્ર દ્વારા દેખાડા પૂરતી સફાઈ કરવામાં આવે છે. બાદમાં પરિસ્થિતિ ફરી 'જૈસે થે' થઈ જાય છે. વારંવાર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓને રજૂઆતો કરવા છતાં કોઈ કાયમી નિરાકરણ આવતું નથી. આ સમસ્યાથી કંટાળેલા સ્થાનિકોએ હવે આરપારની લડાઈનો મૂડ બનાવ્યો છે. રહીશોએ ચેતવણી આપી છે કે, જો આગામી દિવસોમાં ડ્રેનેજની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે, તો તેઓ વડોદરા મહાનગર સેવાસદનની કચેરી ખાતે મોરચો લઈ જશે અને લોકશાહી ઢબે ઉગ્ર આંદોલન કરશે.

ઘાઘરેટીયા વિસ્તારમાં એક જ દુકાનને બે વખત નિશાન બનાવી રૂ.૧.૨૦ લાખની રોકડ ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારના ઘાઘરેટીયામાં આવેલી ગાયત્રી પ્રોવિઝન સ્ટોરને તસ્કરોએ બે વખત નિશાન બનાવતા વેપારીઓમાં ચિંતા ફેલાઈ છે. અલગ-અલગ બે રાત્રે બનેલી ચોરીની ઘટનામાં ઘર અને દુકાનમાંથી મળી રૂ.1.20 લાખની રોકડની ચોરી થતાં મકરપુરા પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઘાઘરેટીયામાં વિસ્તાર મા રહેતા વિશાલભાઈ રૂધારામ પુનિયા દ્વારા મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ તા. 24 જૂનની રાત્રેથી 25 જૂનની વહેલી સવારે તથા ફરી તા. 9 જુલાઈની રાત્રેથી 10 જુલાઈની વહેલી સવારે અજાણ્યો તસ્કર ગાયત્રી પ્રોવિઝન સ્ટોરના મકાનના દરવાજા મારફતે અંદર ઘૂસ્યો હતો. ચોરે ઘરમાં રાખેલા રૂ.95 હજાર તથા દુકાનમાંથી રૂ.25 હજાર મળી રૂ.1.20 લાખની રોકડની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

બિલિયન લાઈઝ ફાઉન્ડેશન તથા ચાર્જ ઝોનના સહયોગથી 'સ્પેક્ટાક્યુલર 5KM રન'નું આયોજન

રનમાંથી મળનારી રકમથી વડોદરા નજીકના પાંચ જેટલા ગામોમાં નિઃશુલ્ક નેત્ર તપાસ કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ધો.12માં અભ્યાસ કરતી નૈષા પટેલ દ્વારા સમાજસેવાના અનોખા પ્રયાસરૂપે "સ્પેક્ટાક્યુલર 5KM રન"નું આયોજન કરવામાં આવ્યું છે. પહેલને બિલિયન લાઈઝ ફાઉન્ડેશન તથા ચાર્જ ઝોન (Charge Zone)નો સહયોગ પ્રાપ્ત થયો છે. રનમાંથી મળનારી રકમ વડોદરા નજીકના 4થી 5 ગામોમાં નિઃશુલ્ક નેત્ર તપાસ કેમ્પો યોજવા તથા જરૂરિયાતમંદ લોકોને મફત ચશ્માં વિતરણ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. રન રવિવાર, 19 જુલાઈ 2026ના રોજ યોજાશે. રિપોર્ટિંગ સમય સવારે 5:30 વાગ્યે અને ફ્લેગ-ઓફ સવારે 6:00 વાગ્યે રહેશે. 13 વર્ષ કે તેથી વધુ ઉંમરના દરેક વ્યક્તિ આ રનમાં ભાગ લઈ શકે છે.બિલિયન લાઈઝ ફાઉન્ડેશનના સ્થાપક અને ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું કે, "રનમાંથી આવેલી ચેરીટીમાંથી યુવાનોના પ્રયાસો સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવશે. જેટલા વધુ લોકો રનમાં જોડાશે, તેટલા વધુ ગામોમાં અમે નિઃશુલ્ક નેત્ર તપાસ અને મફત ચશ્માંની સેવા પહોંચાડી શકીશું. ચાર્જ ઝોનના સહયોગ સાથે અમે તમામ વડોદરાવાસીઓને આ સમાજ સેવાના અભિયાનમાં જોડાવા આમંત્રિત કરીએ છીએ. ભાગ લેનારાઓને પાર્ટિસિપેશન સર્ટિફિકેટ, એનર્જી સપોર્ટ અને વિજેતાઓ માટે આકર્ષક ઇનામો અપાશે." "વરસાદ સાથે દોડીએ... વરસાદ સાથે ઝૂમીએ... આંખોના આરોગ્ય માટે એક થઈએ. આવો વડોદરાવાસીઓ, સમાજસેવાના અનોખા પ્રયાસમાં જોડાવવા 6352455674 અથવા 9558127354 ઉપર તા.16 જુલાઈના સાંજના 5 વાગ્યા સુધી સંપર્ક કરવો.